

# ૭. વન સાદ કરે છે.

**ગીત ગવડાવો :**



## જંગલ કેરાં પ્રાણીઓની...

જંગલ કેરાં પ્રાણીઓની છુકછુક ગાડી ચાલી,
છુકછુક છુકછુક કરતી છુકછુક ગાડી ચાલી.
સૌથી આગળ કાળો હાથી ઍન્જિન એ કહેવાય,
હાથી ઉપર બેઠું સસલું ડ્રાઈવર એ કહેવાય,
મોટાં મોટાં ફળ એ હાથીને દેતું જાય.
જંગલ આખું ધમધમ થતું પક્ષીઓ ગભરાય...
લાંબી ડોકે જિરાફભાઈ જંગલ જોતા જાય,
વરુ અને શિયાળ એના પગમાં અથડાય,
કાણી આંખે કાગડાભાઈ જંગલ જોતા જાય,
હરણ અને સાબર, ઠેકડા મારતા જાય...
કોટ પહેરી વાંદરાભાઈ ડબ્બે ડબ્બે જાય,
પાંદડાની ટિકિટ તપાસે ચેકર એ કહેવાય,
સૌથી પાછળ ઝંડી લઈને રીંછભાઈ જાય,
પીપ્ પીપ્ પીપ્ પીપ્ સીટી વગાડે,
ગાડી ઊપડી જાય.

**પ્રવૃત્તિ :**

વિવિધ પ્રાણીઓનાં ચિત્રો એકઠાં કરી 'સ્ટિક પપેટ' બનાવડાવો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વાર્તા :



ચાલો બાળકો તમને એક વાર્તા કહું.
વાઘની વાર્તા સાંભળવી છે ને ?
મારી પાસે આવો મારા દોસ્તો, એક કિસ્સો કહું.
ઘણાં વર્ષો પહેલાંની આ વાત છે.
ઘોર અંધારી હતી એ રાત,
બંદૂક હતી મારી સાથ.
વટાવીને જંગલ અને ઝાડીઓ હું જતો હતો.
જતો હતો ?
ના...ના... આવતો હતો.
અરે.... જતો હતો...
પછી ?
અંધારું હતું સખત, દસ વાગ્યાનો હતો વખત.
કોયલની સંભળાતી હતી કૂક...
અને મને લાગી હતી ભૂખ.
ધ્રૂજતો'તો હું કોયલની કૂકથી,
જીવ જતો હતો કકડતી ભૂખથી,



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



ગાતાં ગાતાં બગડી
ગયો મારો રાગ,
ઝાડીમાંથી નીકળ્યો એક વાઘ.
એણે પાડી ત્રાડ,
મારી નીકળી ગઈ રાડ.
એ લપક્યો, હું ઝપક્યો...
એ ઉપર, હું નીચે,
એ નીચે, હું ઉપર.
એ ઝાડ ઝાડ, હું ડાળ ડાળ
બચાઓ... બચાઓ...
ભાગો... ભાગો...
પછી... પછી શું થયું ? અરે શું કહું ?
ખરેખર કહું ? મજા આવી ગઈ !
મને ઘાયલ કરી ગઈ !
ના...ના... વાઘણ હતી...?
ના...ના... વાઘ હતો.
હં...હં... મને ઘાયલ કરી ગયો.
પણ, હું તો સાજોનરવો છું !
કેવી મજાની વાત !


☞ **વાતચીત :**

- જંગલમાં શું શું હોય ?
- તમને કયાં કયાં પ્રાણીઓનો ડર લાગે છે ?
- તમને કયું જંગલી પ્રાણી પાળવું ગમે ?
- તમે ફરવા જાવ ત્યારે સાથે કોણ કોણ હોય છે ?
- તમે જંગલમાં જાવ, તો સાથે શું લઈ જશો ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## પ્રવૃત્તિ :






Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## શોધીને લખવા કહો :

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ના | ક | કે | ર | મ | ગ | વે |
| ગ | ર | મ | ન | ન | જે | દ |
| ક | સ | દ | વા | મા | બે | જ |
| બે | દ | ર | અ | ન | મ | ન |
| સ | બ | વા | ગે | છ | ક | વ |
| દ | ન | જા | ર | સ | એ | ર |
| વ | બ | ગ | જ | જા | દ | છ |

૫૦ ૫૦ ૫૦



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

એક માત્રાવાળા અક્ષર ફરતે ☐ કરાવો :

બેસ દવા મને ગાય વાસ દાદા કેમ

વંચાવો :

| | | |
|---|---|---|
| વરસાદ | રાસ | બહેન |
| અવાજ | વેર | કાકા |
| રાજા | આવે | બેસે |
| સામે | જાર | મગજ |

મૂળાક્ષર ઓળખાવી ◯ કરાવો :

| | | | |
|---|---|---|---|
| ક | કલમ | કનક | ચમક |
| બ | બજાર | અજબ | અકબર |
| અ | અચલ | અછત | અનાજ |
| છ | છમછમ | છત | અછત |
| આ | આકાર | આપણે | આવજે |
| એ | એરણ | એકતા | એકનાથ |

સરખા શબ્દો જોડાવો :

| | | | | | |
|---|---|---|---|---|---|
| એરણ | આગબોટ | છત્રી | કમળ | બરણી | અનનાસ |
| છત્રી | એરણ | કમળ | આગબોટ | અનનાસ | બરણી |


૫૧ ૫૧ ૫૧

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ખૂટતા મૂળાક્ષર લખાવો :




| | | |
|---|---|---|
| | | ળ |



| | | | |
|---|---|---|---|
| | ન | ના | |



| | | |
|---|---|---|
| કા | | |



| | |
|---|---|
| પ | |

## નમૂના મુજબ માત્રા લગાવી લખાવો :

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ક | કા | કિ | કી | કુ | કૂ | કે | કો |
| મ | | | | | | | |
| ન | | | | | | | |
| સ | | | | | | | |
| દ | | | | | | | |
| બ | | | | | | | |
| અ | | | | | | | |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વંચાવો અને લખાવો :

| | | | | |
|---|---|---|---|---|
| એક | | | | |
| બહેન | | | | |
| મેદાન | | | | |
| વેરાન | | | | |
| જમના | | | | |
| નારદ | | | | |
| રમા | | | | |
| દેવ | | | | |
| મજા | | | | |
| છેદ | | | | |




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ચિત્રનું નામ લખાવો :










૧











Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ચર્ચા કરાવો :




☞ ચર્ચા કરો :

- રીંછની ઉપરની તરફ કોણ ઊભું છે ?
- સસલા અને વાંદરાની વચ્ચે કોણ છે ?
- રીંછને સિંહ સુધી જવા કેટલાં પગથિયા ચડવાં પડશે ?
- બગલાના ઉપરના પગથિયે અને નીચેના પગથિયે કોણ કોણ છે?
- પંદરમા પગથિયા ઉપર કોણ છે ?
- તમને કયા પગથિયા પર ઊભા રહેવું ગમશે ?
- તમને આમાંથી કેટલાં પ્રાણીઓની બીક લાગે ?
- તમને આમાંથી કયાં કયાં પ્રાણીઓ પાળવાં ગમે ?

૫૫ ૫૫ ૫૫

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ગાઓ :

અકલમ ચકલમ ચમચમ
બાળક બોલે બમબમ.
ચકલમ પકલમ પમપમ
બાળક બોલે બમબમ.
પકલમ મકલમ મમમમ
બાળક બોલે બમબમ.
મકલમ ટકલમ ટમટમ
બાળક બોલે બમબમ.



◆ ◆ ◆



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in